


**શાંતિપ્રિય બિલાડી**

ચોમાસાના ભીના ભીના દિવસો પસાર થયા ને થોડી થોડી ઠંડીની શરૂઆત થવા લાગી. આજુબાજુ જમા થયેલ પાણીને લીધે કીચડનો પ્રભાવ હજુ તાજો જ હતો. ને આ કિચડ એટલે ટિટોડીઓની પ્રિય જગ્યા !

મનગમતો ખોરાક અહીં પુષ્કળ પ્રમાણમાં મળી રહે એટલે ગેલમાં આવીને ટિ…ટિ…ટિહૂડ… ટિ…ટિ… ટિહૂડ એવો અવાજ કાઢયા કરે ને પોતાનો આનંદ પ્રગટ કર્યા કરે.

અહીં બાજુમાં જ એક બખોલ હતી ને એ બખોલમાં એક બિલાડી રહે. બિલાડીને નાનાં નાનાં ત્રણ બચ્ચાં. બિલાડી આજુબાજુમાં જઈ ખોરાક શોધી લાવે ને બચ્ચાં સાથે બખોલમાં નિરાંતે પડી રહે.

આ જગ્યા પણ એટલી સલામત હતી કે બહારથી કોઈ સરળતાથી આવી ન શકે. એમ જોઈએ તો અહીં બિલાડીને કોઈ જાતની તકલીફ ન હતી. પણ જયારથી અહીં બાજુમાં કિચડ જામ્યું હતું ત્યારથી ટિટોડીઓએ વસવાટ કર્યો અને ત્યારથી બિલાડીની શાંતિમાં ખલેલ પહોંચી.

ટિટોડીઓ તો આખો દિવસ ટિ…ટિ…ટિહૂડ… ટિ…ટિ…ટિહૂડ… કર્યા કરે. કયારેક તો બિલાડીબેન આખો દિવસ આંટાફેરા કરીને થાકયાં હોય અને નિરાંતે સૂવાની તૈયારી કરે ત્યાં જ ટિટોડીઓનું સંગીત ચાલું થઈ જતું ! ને અવાજ વધવાની સાથે જ બિલાડીના ગુસ્સાનો પારો પણ વધવા લાગતો.

એક દિવસ તો અવાજથી કંટાળેલી બિલાડી બખોલમાંથી બહાર નીકળીને ટિટોડીઓ જયાં હતી ત્યાં આવીને કહેવા લાગી, ‘હું આટલા વખતથી અહીં શાંતિથી રહેતી આવી છું… તમે આવ્યા ત્યારથી અહીં કકળાટ શરૂ થયો છે… હવે બોલવાનું બંધ કરીને તમે શાંતિથી રહો અને મને પણ શાંતિથી રહેવા દો.’ આટલું કહી ગુસ્સાથી લાલપીળી થતી બિલાડી પોતાની બખોલમાં પાછી આવી.

બીજો દિવસ થયો... વાતાવરણ શાંત હતું. બિલાડીને થયું, હં... મારી ફરિયાદની અસર થઈ ખરી ! પણ આતો ટિટોડીની જાત ! ખાધા વગર ચલાવી લે પણ તેને બોલ્યા સિવાય ચાલે ખરૂં ? ફરી શરૂ થઈ ગયું. ટિ...ટિ...ટિહૂડ... ટિ...ટિ...ટિહૂડ... ટિ...ટિ...ટિહૂડ... બિલાડીએ તો પોતાના કાન પર પગના પંજા દબાવી દીધા. પણ કાન બંધ થવાથી અવાજ આવતો થોડો બંધ થાય !

વળી બિલાડી ઉપડી ફરિયાદ કરવા. ત્યાં જઈને કહે, 'તમને કાલે જ કહ્યું હતું. શાંતિથી રહો અને બીજાને પણ રહેવા દો... ને હા... થોડો પડોશીધર્મ પણ બજાવો... અને જોજો મને હળવાશથી લેવાની ભૂલ ન કરતા.. નહિ તો...'

સાંભળીને એક ટિટોડી આગળ આવી. કહે, 'નહિ તો શું બિલાડીબેન ?'

બિલાડી કહે, 'નહિ તો આજુબાજુથી બધા માણસોને ભેગા કરી અહીંથી તમને ભગાડી જ દઈશું.'

આવી ધમકીભરી વાત સાંભળી ટિટોડીઓ તો ગુસ્સે થઈ ગઈ. કહે, 'બિલાડીબેન... બોલવું એ તો આપણી સૌની પ્રકૃતિ છે. તમે જેમ મ્યાઉં... મ્યાઉં... કરો છો તેમ અમે ટિ...ટિ...ટિહૂડ કરીએ... એમાં તમારાથી ના થોડી પડાય ?'

બિલાડી તો પોતાનું ધાર્યું ન થવાથી અકળાઈ ગઈ. કહે, 'હવે તો હું આજુબાજુના માણસોને ભેગા કરી તમને અહીંથી ભગાડીને જ રહીશ.' એક ટિટોડી આ સાંભળીને કહે, 'બહુ ફાંફા ન મારો... તમે આડા ઊતરો છો ત્યારે માણસો તમને અપશુકનિયાળ ગણે છે ને તમારાથી આઘા ભાગે છે. તમને એ શું કામ સહકાર આપે ?'

સાંભળીને બિલાડી રીતસર તાડુકી ઊઠી, એય લાંબા પગવાળી ! તું ચૂપ રહે ! તને એ નથી ખબર કે માણસોને નડતા, હેરાન–પરેશાન કરતાં ઉંદરોને હું ખાઈ જાઉં છું ને એ રીતે પણ લોકોને ઉપયોગી થાઉં છું. તમે તો બિલકુલ નકામા ! એક વાત તો કહો કે અવાજ કરવા સિવાય તમે શું કામમાં આવો છો ?

ટિટોડી કહે, 'બિલાડીબેન ! તમને ખબર નથી... અમે ચોમાસાનો વરતારો આપીએ છીએ. અમારાં ઈંડાં કઈ જગ્યાએ છે તે જાણીને માણસો વરસાદનો કયાસ કાઢે છે... આમ... અમે કંઈ નકામા નથી... અમે પણ ઉપયોગી છીએ જ !'

આ સાંભળીને બિલાડી થોડી ઝંખવાણી પડી ગઈ. તેને આ જવાબની કોઈ અપેક્ષા જ ન હતી... પણ તોય... સ્વભાવ મુજબ આખરી દાવ અજમાવ્યો... 'હવે ચૂપ રહેજો... નહિતર પસ્તાવાનો વારો તમારો જ આવશે !' ને બિલાડીએ ચાલતી પકડી.

આ વાતને થોડા મહિના વીતી ગયા. ટિટોડીઓનો અવાજ બંધ ન થયો કે ન બિલાડીનો ગુસ્સો ઓછો થયો. બિલાડીને થયું હવે બોલાચાલી કરવાથી કંઈ પરિણામ મળશે નહિ. કંઈક બીજી યુકિત વિચારવી પડશે.

ને તેને ઉપાય જડી આવ્યો. તેણે તો ટિટોડીઓનાં ઈંડાં શોધી કાઢયા ને તેને ન મળે તેમ સંતાડી દીધા... પછી નિરાંતે કંઈ જ બન્યું નથી તેવો દેખાવ કરતી નિરાંતે બખોલમાં સૂઈ ગઈ.

આ બાજુ પોતાનાં બધાં ઈંડાં ગુમ છે તે જાણી ટિટોડીઓતો દુઃખી–દુઃખી થઈ ગઈ. ને કકળાટ કરવા લાગી. બધાને થયું નક્કી આ પેલી બિલાડીનું જ કામ ! હવે શું કરવું ?

ત્યાં એક ટિટોડીને વિચાર આવ્યો. કહે, 'આ બિલાડી આપણા પર બહુ જ રોફ કરે છે પણ તે કૂતરાથી કાયમ બીતી રહે છે. ચાલો પેલા મોતિયા કૂતરાની પાસે જઈએ ને બિલાડીની ફરિયાદ કરીએ.'

સૌને આ વિચાર ગમી ગયો... બધી ટિટોડીઓ મોતિયા પાસે ગઈ ને પહેલેથી છેલ્લે સુધી બધી જ વાત કરી. મોતિયો કહે. 'તમે ચિંતા ન કરો.. તમારાં ઈંડાં મળી જશે.' ટિટોડીઓને થોડી નિરાંત તો થઈ પણ ઈંડાં જોયા વગર ચેન કયાંથી પડે !

મોતિયો તો બિલાડીની બખોલ પર નજર રાખવા લાગ્યો... એક વખત જેવી બિલાડી બહાર ગઈ કે મોતિયાએ તેનું એક બચ્ચું લઈ લીધું ને બિલાડીને મળે નહીં તેમ સંતાડી દીધું.

થોડીવાર થઈ ત્યાં તો બિલાડી આવી ને પોતાનાં ત્રણ બચ્ચામાંથી બે જ જોયાં... એક બચ્ચું કયાં ? તે તો હાંફળી–ફાંફળી થઈ ગઈ... બહાર આવી... જયાં ટિટોડીઓ હતી ત્યાં આવીને મ્યાઉં... મ્યાઉં... મ્યાઉં... કરી પોતાની ચિંતા પ્રગટ કરવા લાગી. તેને ટિટોડીઓ પર શંકા તો ગઈ પણ પાછું થયું કે આ ટિટોડીની જાત... સાવ નાની... એ વળી બચ્ચું કઈ રીતે પકડી શકે ?

ટિટોડીઓ આ ધ્યાનથી જોઈ રહી હતી. ત્યાં મોતિયો આવ્યો. મોતિયો કહે, 'બિલાડીબેન ! કેમ છો? કંઈ ચિંતામાં જણાઓ છો ? કંઈ આફત આવી છે કે શું ? બિલાડી કહે,

" રૂપાળું ને સુવાળું, એક બચ્ચું ખોવાણું,

શોધું છું પણ જડે નહિ,

કયાંય ચેન પડે નહિ !"

મોતિયો, 'બિલાડીબેન ! તમારું પણ બચ્ચું ખોવાણું ?' બિલાડી, 'તમારું પણ એટલે ? બીજા કોઈનું કંઈ ખોવાણું છે ?' ટિટોડીઓ આવીને કહે.

' નાના ને નાજુક ઈંડા અમારા.

ઊંચે ઊંચે મૂકેલાં.

શોધીએ છીએ પણ જડે નહિ,

કયાંય ચેન પડે નહિ !

ને બિલાડીના કાન ચમકયા. આખી વાત એ સમજી ગઈ. આ મેં ઈંડાં સંતાડયાં એટલે જ મારું બચ્ચું લઈ લીધું લાગે છે... પણ તેને એ ન સમજાયું કે મારું બચ્ચું ટિટોડીઓ કેવી રીતે ઉપાડી શકે ?

તે તો દોડતી ગઈ અને સંતાડેલાં બધાં જ ઈંડા પાછા લઈ આવી ને ટિટોડીઓને સોંપી દીધાં. આ જોઈને મોતિયાએ પણ સંતાડેલું બચ્ચું બિલાડીને પાછું આપી દીધું. બિલાડી અને ટિટોડીઓ ખુશ ખુશ થઈ ગઈ !

મોતિયો કહે, ‘બિલાડીબેન ! સૌ પ્રાણીઓ, પક્ષીઓ, માણસો... બધા જ પોતપોતાના સ્વભાવ પ્રમાણે જીવતા હોય છે. તેની સામે ફરિયાદ કર્યા કરવાને બદલે એકબીજાને અનુકૂળ થઈને રહેવું જોઈએ અને એકબીજાને મદદરૂપ થવું જોઈએ.

જેમ તમે મ્યાઉં...મ્યાઉં...મ્યાઉં...કરો છો, તેમ ટિટોડીઓ ટિ...ટિ...ટિહૂડ... કરે... છે. કોઈને બોલવાની ના થોડી પડાય ! બિલાડી કહે, ‘હા... તમે પણ બાઉ... વાઉ... બાઉ... વાઉ... કર્યા જ કરો છો ખરૂંને ?’

ને સૌ હસી પડયાં... ત્યાર પછી બિલાડીએ કયારેય કોઈને પણ બોલવાની ના પાડી નથી !

**– ભારતીબહેન ગોહિલ**